## ૬૫' મા રાજયકલા સ્પર્ધા/પ્રદર્શનની કલાકૃત્તિઓનો ઓનલાઈન સ્વીકારઃ-

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ૬૫' મી રાજયકલા સ્પર્ધા/પ્રદર્શન યોજાનાર છે. આ પ્રદર્શનમાં જુદી-જુદી કલાઓ જેવી કે પેઇન્ટીંગ, શિલ્પકલા, ગ્રાફીકકલા, વ્યવહારિક કલા, છબીકલા તેમજ બાળ ચિત્રકલાના ક્ષેત્રના કલાકારો પાસેથી કલાકારો/ કલાના ચાહકો/ કલા સંસ્થાના વિદ્યાર્થીઓ તેમજ શાળાઓમાં ધોરણ ૧ થી ૧૦માં ભણતા બાળકો પાસેથી કલાકૃત્તિઓ સ્પર્ધા માટે મંગાવવામાં આવે છે. આ કલાકૃત્તિઓ આગામી તા-૦૧ માર્ચ ૨૦૨૫ થી તા. ૧૦ માર્ચ ૨૦૨૫ દરમ્યાન ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની વેબસાઈટ **gujaratstatelalitkalaacademy.com** પર સામેલ ઓનલાઈન અરજીપત્રક ભરી કલાકૃતિના ફોટા તથા જરૂરી વિગત સાથે ઓનલાઈન સબમીટ કરવાનું રહેશે. પોસ્ટ/કુરીયર/રૂબરૂ મળેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહી. આ અંગે જરૂર જણાયે ગુજરાત રાજ્ય લલીતકલા અકાદમીના ટેલીફોન નં.૦૭૯-૨૬૪૨૫૫૬૨ પરથી માહિતી મેળવી શકાશે.

(મહેશ દેસાઈ)
સચિવ
ગુજરાત રાજય લલીતકલા અકાદમી
અમદાવાદ

Scanned with OKEN Scanner